# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/408 Dt. 17/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ધો. ૧૦ અને ૧૨ પછી શું?, ઓરો યુનિવર્સિટીના નિષ્ણાત ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

## દરેક વિદ્યાર્થીમાં કોઈને કોઈ વિશેષતા હોય છે, જેને ઓળખી અને વિકસાવી તે પોતાનું આગવું સ્થાન બનાવી શકે છે, વિદ્યાર્થીઓ ઇન્ટર્નશિપ, વર્કશોપ અને પ્રેક્ટિકલ એક્સપોઝર દ્વારા પોતાના પસંદગીના ક્ષેત્રની વાસ્તવિક સમજ મેળવવાનો પ્રયત્ન કરે

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુસર કારકિર્દી માર્ગદર્શન મહોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવ અંતર્ગત ગુરૂવાર, તા. ૧૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ઓરો યુનિવર્સિટીના પ્રોફેસરો ડો. વિજય રાદડિયા અને શ્રી ઝીલ માંગુકિયા દ્વારા વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ વિવિધ કારકિર્દી વિકલ્પો, અભ્યાસક્રમો અને ભવિષ્યની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રોફેસરોએ જણાવ્યું હતું કે, કારકિર્દી પસંદગી કોઈ એક દિવસનો નિર્ણય નથી, પરંતુ તે એક સતત ચાલતી પ્રક્રિયા છે. વિદ્યાર્થીઓએ પોતાનો સ્વભાવ, રસ અને ક્ષમતાનું યોગ્ય આકલન કરીને યોગ્ય દિશામાં આગળ

વધવું જોઈએ. આજના સમયમાં માત્ર માકર્સને આધાર બનાવીને નિર્ણય લેવાની જગ્યાએ પ્રેક્ટિકલ સમજ અને કૌશલ્ય વિકાસને વધુ મહત્વ આપવામાં આવે છે.

ટેકનોલોજીના વધતા પ્રભાવને કારણે ઘણા નવા કોર્સ અને ક્ષેત્રો ઊભા થઈ રહ્યા છે, જેમાં વિદ્યાર્થીઓ માટે વૈશ્વિક સ્તરે તકો ઉપલબ્ધ બની રહી છે. આ માટે વિદ્યાર્થીઓએ સમય સાથે અપડેટ રહેવું અને નવી બાબતો શીખવાની તૈયારી રાખવી ખૂબ જ જરૂરી છે.

પ્રોફેસરોએ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે, દરેક વિદ્યાર્થીમાં કોઈને કોઈ વિશેષતા હોય છે, જેને ઓળખી અને વિકસાવી તે પોતાનું આગવું સ્થાન બનાવી શકે છે. સાથે જ, યોગ્ય માર્ગદર્શન અને સંકલ્પશક્તિ સાથે કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે.

પ્રોફેસરોએ વિદ્યાર્થીઓને સલાહ આપી કે, તેઓ ઇન્ટર્નશિપ, વર્કશોપ અને પ્રેક્ટિકલ એક્સપોઝર દ્વારા પોતાના પસંદગીના ક્ષેત્રની વાસ્તવિક સમજ મેળવવાનો પ્રયત્ન કરે. સાથે જ સમયનું સંચાલન, આત્મનિર્ભરતા અને સકારાત્મક વલણ જેવી બાબતો પણ સફળ કારકિર્દી માટે એટલી જ મહત્વપૂર્ણ છે.

ચેમ્બર ઓફ કોમર્સના એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણીએ સ્વાગત સંબોધન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ માટે પ્રશ્નોતરી સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રશ્નો પૂછીને યોગ્ય માર્ગદર્શન મેળવ્યું હતું.